બ્લોક ગેરંટીના ઉપયોગ બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ બહધ-૧૦૨૦૨૦-૨૬૮૨૨૩-બ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૩/૦૮/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) નાણાં વિભાગનો તા.૧૦/૦૯/૨૦૨૦નો પત્ર ક્રમાંક: બહધ-૧૦૨૦૨૦-૩૧૭-ડીએમઓ

(૨) નાણાં વિભાગનો તા.૨૭/૦૭/૨૦૨૧નો પત્ર ક્રમાંક: બહધ-૧૧-૨૦૨૧-૨૮૦૭૪૧-ડીએમઓ

આ મુ ખ :-

વંચાણ (૧) સામે દર્શાવેલ નાણાં વિભાગના તા.૧૦/૦૯/૨૦૨૦ના પત્રથી તા.૦૮/૧૦/૨૦૨૦ના રોજ ગેરંટી રીવ્યુ કમિટીની પ્રથમ બેઠક અને વંચાણ ક્રમાંક (૨) પરના નાણાં વિભાગના તા.૨૭/૦૭/૨૦૨૧ના પત્રથી તા.૧૨/૦૮/૨૦૨૧ના રોજ ગેરંટી રીવ્યુ કમિટીની બીજી બેઠક આયોજીત કરવામાં આવેલ હતી. આ સંબંધે આ વિભાગ હસ્તકના નિગમો તરફથી રજૂ થયેલ રેકર્ડ અને એ.જી.કચેરી તરફથી મળેલ વિગતો તેમજ ઉક્ત બેઠકોમાં નાણાં વિભાગના અધિકારીશ્રીઓ સાથે થયેલ ચર્ચા મારફત ધ્યાને આવેલ છે કે રાજ્ય સરકાર તરફથી નિગમોને આપવામાં આવતી ગેરંટી સામે રાજ્ય સરકારના નિગમો દ્વારા ભારત સરકારના નિગમો પાસેથી તેઓને રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ગેરંટી કરતા વધુ પ્રમાણમાં ધિરાણ મેળવવામાં આવે છે સાથોસાથ ગેરંટી વેકેટ કરવાની સમયમર્યાદા પૂર્ણ થઈ ગયેલ હોવા છતા પણ વિભાગ હસ્તકના નિગમો દ્વારા ગેરંટી વેકેટ કરાવવામાં આવતી નથી. જેથી વહીવટી ધોરણે મેળવણું કરવું શક્ય બનતું નથી. જેથી રાજ્ય સરકાર તરફથી મળતી ગેરંટી અંગે કેટલીક સૂચનાઓ પરિપત્રિત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

પરિપત્રઃ-

(૧) આ વિભાગ હસ્તકના તમામ નિગમોએ રાજ્ય સરકાર તરફથી મળતી ગેરંટીની મર્યાદામાં જ ભારત સરકારના નિગમો પાસેથી ધિરાણ મેળવવાનું રહેશે. દર વર્ષે અથવા જ્યારે પણ ધિરાણની જરૂર પડે ત્યારે નવું ધિરાણ મેળવવા માટે નવી ગેરંટી મેળવવાની રહેશે જે માટે નાણાં વિભાગની મંજૂરીની આવશ્યકતા હોઇ, સમયસર વિભાગની વહીવટી શાખાઓ મારફત દરખાસ્ત કરવાની રહેશે.

(૨) નવુ ધિરાણ મેળવવા વિભાગ હસ્તકના નિગમ દ્વારા ભારત સરકારના નિગમોને મોકલવામાં આવતા એક્શન પ્લાનમાં દર્શાવેલ ધિરાણની રકમ તેઓની મંજૂર થયેલ જુની ગેરંટીની રકમમાં

સમાવિષ્ટ ન કરતાં, દર વર્ષની ગેરંટી માટે અલગ દરખાસ્ત ખાતાના વડાશ્રીઓએ કરવાની રહેશે.

(૩) આ અંગે ગેરંટીની રકમ કરતાં એક્શન પ્લાન વધુ નથી તેની ખાતરી સંબંધિત વહીવટી પ્રભાગના સંયુક્ત/નાયબ સચિવશ્રીએ કરવાની રહેશે.

(૪) આ પ્રકારના એક્શન પ્લાન વિભાગની મંજૂરીથી જ ભારત સરકારને મોકલવાના રહેશે.

(૫) દરેક નિગમોએ તેઓને આપવામાં આવેલ ગેરંટી નિયત સમયમાં વેકેટ કરવાની રહેશે. તેમજ એક જ ગેરંટીનો ઉપયોગ કરી એકથી વધુ વખત ધિરાણ મેળવી શકાશે નહી તેમજ મળેલ ગેરંટી કરતા વધુ ધિરાણ ભારત સરકારના નિગમો પાસેથી મેળવવાનું રહેશે નહી. ઉક્ત સૂચનાઓનુ ચૂસ્ત પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અંકુરકુમાર ઉપાધ્યાય)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સંયુક્ત/નાયબ સચિવશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ/વિકસતી જાતિ કલ્યાણ/સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, (અનુસૂચિત જાતિ કલ્યાણ/વિકસતી જાતિ કલ્યાણ/સમાજ સુરક્ષા). ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, (ગુજરાત અનુ.જાતિ વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, (ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડો આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગુજરાત બિન અનામત શૈક્ષણિક વિકાસ નિગમ, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ), કર્મયોગી ભવન, ગાંધીનગર

નકલ રવાના:-

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ.